# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૪/ક્વા-૩/૧૯-૨૦/૨૯૨–૪** **તા.૧૫–૦૧–૨૦**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૪/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **સત્યમ ફાસ્ટનર્સ** ગામ: **રાજકોટ**
રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જે.મેહતા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩** .

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૭-૦૧-૨૦૨૦ ( મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૭-૧૨-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં **અરજદાર હાજર રહેલ ન** હતા અને કાર્યવાહક કાર્યપાલક ઈજનેર શ્રી **કે.બી.શાહ - નાયબ ઈજનેર એસ.જી.સોજીત્રા - સી.પી.ચાવડા (એસ.એ.રેવ.)** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩** હાજર રહેલ હતા. સદર કેસની વધુ સુનાવણી તા. ૦૭-૦૧-૨૦૨૦ ( મંગળવાર ) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર / ગેરહાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર સત્યમ ફાસ્ટનર્સ ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૨૪/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે,** તેઓ વાવડી પેટા વિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં.–૩૪૫૦૨/૦૧૦૨૮/જ્ઞ થી ૧૦૦ કીવો નુ ઓર્દ્યોગીક વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણમાં ઈલેકટ્રીક ડયુટી માટે ગાંધીનગર ખાતે અરજી કરેલ – જે અનુસંધાને વિદ્યુત શુલ્ક સમાહર્તા કચેરી ગાંધીનગર દ્રારા તા.૦૫–૦૧–૧૯ ના પત્ર થી સદર ઓફિસને મોકલેલ – જેની નકલ અરજદારને મળેલ છે. જે અન્વયે અરજદારે સદર પેટા વિભાગીય કચેરીમાં તપાસ કરતા જણાવેલ કે – સદર પત્ર મળશે ત્યારબાદ તે મુજબ માહિતી મોકલવામા આવશે. જેથી, સદર માહિતી માહે જાન્યુઆરી–૧૯ થી ગાંધીનગર ખાતેની ઓફિસને મળેલ ન હોય – વીજકર માફી અંગેની અરજી હાલ પડતર છે. આમ, સદર બાબતે પેટા વિભાગીય કચેરી દ્રારા કોઈ કાર્યવાહી કરાયેલ ન હોય – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- વાવડી અર્બન સબડીવીઝનના અરજદાર સત્યમ ફાસ્ટનર્સ દ્વારા તેમના વીજ કનેક્શન ગ્રાહક નંબર:૩૪૫૦૨૦૧૦૨૮૬ માં ઈલેક્ટ્રીસીટી ડ્યુટી બાબતે આપની સમક્ષ ફરિયાદ કરેલ છે. જે અનુસંધાને ડીઈ/વીયુએસડી/રેવ/૧૦૩૪૦ તા.૨૩.૧૨.૧૯ થી વાવડી અર્બન સબડિવિઝન દ્વારા ઈલેક્ટ્રીસીટી ડ્યુટી ની માહિતી અંગે નો પત્ર ગાંધીનગર કચેરી ખાતે તા.૧૮.૧૨.૧૯ થી મોકલવામાં આવેલ છે આમ સદર ગ્રાહક શ્રી ની ફરિયાદ નું નિરાકરણ કરેલ છે

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ફરીયાદી અરજદાર ના ગ્રાહક નં.–૩૪૫૦૨/૦૧૦૨૮/૬ થી ૧૦૦ કીવો નુ સત્યમ ફાસ્ટનર્સ ના નામે ઓર્દ્યોગીક વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણમાં ઈલેકટ્રીક ડયુટી માટે ગાંધીનગર ખાતે અરજી કરેલ – જે અનુસંધાને વિદ્યુત શુલ્ક સમાહર્તા કચેરી ગાંધીનગર દ્વારા તા.૦૫–૦૧–૧૯ ના પત્ર થી સદર ઓફિસને મોકલેલ – જેની નકલ અરજદારને મળેલ છે. જે અન્વયે અરજદારે સદર પેટા વિભાગીય કચેરીમાં તા.૦૯–૧૦–૧૯ ના રોજ વીજકર માફી મેળવવા માટે જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ – પરંતુ, સદર બાબતે કાર્યવાહી સામેવાળા દ્વારા કોઈ કાર્યવાહી કરેલ ન હોય – અરજદારે ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે. જેની સુનાવણી તા.૧૭–૧૨–૧૯ ના રોજ રાખેલ હતી. જેમા અરજદાર ગેરહાજર રહેલ હતા. ત્યારબાદ, અરજદારની રજુઆત માટે વધુ એક તક આપીને સદર કેઈસ ની સુનાવણી તા.૦૭–૦૧–૨૦ ના રોજ રાખેલ હતી. જેમા પણ અરજદાર ગેરહાજર રહેલ હતા.

૪.૨ અરજદારની વીજકર માફી મેળવવા માટે ની રજુઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – વિદ્યુત શુલ્ક સમાહર્તા કચેરી ગાંધીનગર ને જરૂરી નિયત નમુનામા માહિતી તા.૧૮–૧૨–૧૯ ના રોજ મોકલાવેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. જેથી, સદર કેઈસ મા ફોરમ કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય – સદર અરજી દફતરે કરવી.

૪.૩ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯